સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના
ધોરણ-૧૨ વિજ્ઞાનપ્રવાહના વિદ્યાર્થીઓને
NIIT, JEE, PMT, GUJCATની પરીક્ષાની પૂર્વ
તૈયારી માટે કોચીંગ પેટે સહાય
રૂ.૩૦૦.૦૦ લાખ (પ્લાન) વર્ષઃ૨૦૧૪-૧૫

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃસશપ/૧૦૨૦૧૩/NB-૩૪૧./અ.૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ- ૨૯/૧૦/૨૦૧૪

**વંચાણમાં લીધાઃ-**

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા. ૦૯-૮-૨૦૧૪ નો ઠરાવ ક્રમાંકઃ સશપ/૧૦૨૦૧૩/NB-૭૪૧./અ.૧

(૨) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતાનો તા. ૨૨-૦૯-૨૦૧૪ નો પત્ર ક્રમાંકવિજાક/શિક્ષણ/લ.સે./૨૦૧૪-૧૫/૩૪૦૩

**સુ ધા રા ઠ રા વઃ-**

સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓ માટેની NIIT, JEE, PMT, GUJCAT ની પરીક્ષાની પૂર્વ તૈયારી માટે કોચીંગ પેટે સહાય અંગેના વિભાગના વંચાણે લીધેલ ક્રમાંકઃ(૧)ના તા. ૦૯/૦૮/૨૦૧૪ ના ઠરાવ મથાળામાં ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહના બદલે—

"ધોરણઃ- ૧૧-૧૨માં વિજ્ઞાન પ્રવાહમાં ચાલુ અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના વિદ્યાર્થીઓને NIIT, JEE, PMT, GUJCAT જેવી સ્પર્ધાત્મક પરીક્ષાની પૂર્વ તૈયારી માટે કોચીંગ પેટે સહાય" ઠરાવવામાં આવે છે તથા ઉકત ઠરાવની શરત નં-૧ ને રદ કરી નીચે મુજબનો સુધારો કરવામાં આવે છે.

"ચાલુ વર્ષ ૨૦૧૪-૧૫માં ધોરણઃ-૧૧-૧૨માં વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતાં હોય અને ધોરણ-૧૦માં ૭૦ ટકા કે તેથી વધુ માકર્સ મેળવ્યા હોય, તેવા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના વિદ્યાર્થીઓને આગામી વર્ષની NIIT, JEE, PMT, GUJCAT જેવી સ્પર્ધાત્મક પરીક્ષાની પૂર્વ તૈયારી માટે આ યોજના હેઠળ કોચીંગ માટે રૂા.૨૦,૦૦૦/-ની મર્યાદામાં વિદ્યાર્થીદીઠ ખર્ચ કરી લાભ આપવાનો રહેશે."

અન્ય શરતો વિભાગના તા.૦૯-૦૮-૨૦૧૪ ના ઠરાવ મુજબ યથાવત રહેશે. આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૨૧-૧૦-૨૦૧૪ની નોંધથી મળેલ અનુમતી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( પી.એમ.ભાવસાર )
સેકશન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારીત વિભાગ.

પ્રતિ,
નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

નકલ રવાના:-

- માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી,
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી, (સા.ન્યા.અને અધિ.વિ.) સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રીના અંગત સચિવશ્રી, સા.ન્યા.અને અ.વિ, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે જિલ્લા નાયબ નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ,(નિયામકશ્રી, વિકસતી જાતી કલ્યાણ મારફત).
- સેકશન અધિકારીશ્રી,અ, ગ, બ-શાખા, સા.ન્યા.અને અ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી,(કોમ્પ્યુટર સેલ) સા.ન્યા.અને અ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઇટમાં અપલોડ કરવા વિનંતી સહ.
- સિલેકટ ફાઇલ.